# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૪/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'ફેસ ટુ ફેસ વીથ ડીજીવીસીએલ ઓથોરિટીઝ' વિશે વેબીનાર

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૪ ઓગષ્ટ ૨૦૨૦ ના રોજ 'ફેસ ટુ ફેસ વીથ ડીજીવીસીએલ ઓથોરિટીઝ' વિષય ઉપર ૯૯માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના ચીફ ઇજનેર શ્રી જે.ડી. થન્ના, જનરલ મેનેજર શ્રી એન.એ. દવે અને એડીશનલ સી.ઇ. શ્રી પી.પી. ચૌધરીએ ડીજીવીસીએલ દ્વારા પાવર સપ્લાય બાબતે ગ્રાહકોને આપવામાં આવતી સુવિધાઓ વિશે માહિતી આપી હતી. ઉદ્યોગકારો તેમજ લોકોએ અધિકારીઓ સમક્ષ તેમને સતાવતા વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા, જેના અધિકારીઓએ મહદ્અંશે જવાબો પણ આપ્યા હતા. ચેમ્બરની રજૂઆતના માધ્યમથી અન્ય વણઉકેલાયેલા પ્રશ્નોના નિરાકરણની પણ અધિકારીઓએ ખાતરી આપી હતી.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ શ્રી દિનેશ નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા વિવિધ વિષયો સાથે વેબીનારોનું આયોજન કરવામાં આવી રહયું છે. કોવિડ– ૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે પાવર સપ્લાયના વિવિધ પ્રશ્નો ઉભા થયા છે. ઉદ્યોગોના ડેવલપમેન્ટ માટે પાવર સપ્લાય ખૂબ જ અગત્યની બાબત છે. આથી ઉદ્યોગકારોને જે કઇ સમસ્યા હશે તેનું આ ફેસ ટુ ફેસ વેબીનારના માધ્યમથી નિવારણ લાવવાનો પ્રયાસ કરીશું.

શ્રી જે.ડી. થન્નાએ લોકડાઉન દરમિયાન વીજ કંપની દ્વારા આદરવામાં આવેલી કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ઇ ઉર્જા વિશે પણ માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, કયા વિસ્તારનો પાવર બંધ છે તે કોમ્પ્યુટરમાં દેખાય છે. સતત અડધા કલાક સુધી પાવર બંધ રહે છે તો કોમ્પ્યુટર ઉપર ધ્યાન રાખનાર વ્યકિત દ્વારા તુરંત સંબંધિત વિભાગ કે વ્યકિતનો સંપર્ક સાધીને ત્યાં પાવર ચાલુ થાય તેની દરકાર લેવામાં આવે છે.

એન.એ. દવેએ જણાવ્યુ હતું કે, કોવિડ– ૧૯ના સમયગાળામાં ગ્રાહકોના એવરેજ બિલીંગને તેમજ છેલ્લાં ત્રણ સાયકલ બિલીંગને આધારે બીલ આપવાનું નકકી કરવામાં આવ્યુ હતું. ગ્રાહકોના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર અને ઇ–મેલ આઇડી ઉપર બીલ મોકલવાનું પ્લાનીંગ કરવામાં આવ્યું હતું. શરૂઆતના પિરિયડમાં લોકડાઉન ખૂલ્યું ત્યારે મીટર રીડીંગની કામગીરી કરવામાં આવી હતી અને એવરેજ બીલમાંથી ખરેખર વપરાશને બાદ કરીને ભરવાપાત્ર રકમ ગ્રાહકોને જણાવવામાં આવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકાર તરફથી એચપી અને એલપી કનેકશનના ફીકસ ચાર્જ પણ ચાર હપ્તામાં સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધી ભરવાની જોગવાઇ કરવામાં આવી હતી. રહેઠાણના ગ્રાહકોને એક મહિનાના ૨૦૦ યુનિટથી ઓછો વપરાશ હોય તેમને ૧૦૦ યુનિટ માફ કરવામાં આવ્યા હતા. વીજ કંપની દ્વારા કોઇપણ બીલ માસિક ટેરીફને જોઇને આપવામાં આવે છે. સરકારની ગાઇડલાઇન મુજબ એપ્રિલ અને મે મહિનાનો ફિકસ ચાર્જ માફ પણ કરવામાં આવ્યો છે. શ્રી પી.પી. ચૌધરીએ ઉધના ઉદ્યોગનગર સંઘ અને સચિન જીઆઇડીસીમાં હાથ ધરવામાં આવેલા પ્રોજેકટ વિશે માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, બધા ફીડર અન્ડરગ્રાઉન્ડ કરવાનું પ્લાનીંગ થઇ રહયું છે.

આ ફેસ ટુ ફેસ વેબીનારમાં ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી તેમજ રહેણાંક વિસ્તારના પણ ઘણા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. વીજ કંપનીના અધિકારીઓ સમક્ષ ઉદ્યોગકારોએ સિકયુરિટી ડિપોઝીટ તથા કન્ઝમ્પ્શન મુજબ જ ડિમાન્ડ ચાર્જ કરવા અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. ન્યુ પાવર સપ્લાયને ટીપીએલની જેમ ફાસ્ટ બનાવવાની માંગણી કરવામાં આવી હતી. નવા વીજ કનેકશનની અરજી કરતી વખતે પણ ઘણી સમસ્યા ઉભી થાય છે તેથી તેના નિવારણની માંગણી કરાઇ હતી. વીજ કંપની દ્વારા આપવામાં આવતા બીલોમાં ગ્રાહક વ્યવસ્થિત સમજી શકે તેવી વિગતો આપવા માટે સૂચનો કરવામાં આવ્યા હતા.

ઔદ્યોગિક વિસ્તારોમાં લોકડાઉન દરમિયાન ફેકટરીઓ બંધ હતી તેમ છતાં કેટલાક ઉદ્યોગકારોને ડબલના બીલ ફટકારવામાં આવ્યા હોવાના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. એલટીના લાઇટ બીલમાં કોઇ બાબતની રકમ પ્લસ અને માઇનસ કરેલી હોય છે તે બાબત સ્પષ્ટ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. એચટી કનેકશનમાં એક્ષ્પોર્ટ યુનિટની ક્રેડીટ જે તે મહિનામાં આપવામાં આવે તેવા સૂચનો ઉદ્યોગકારો દ્વારા અધિકારીઓને કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુક્લ અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ કમિટીના ચેરમેન શ્રી આશિષ ગુજરાતી દ્વારા સમગ્ર વેબીનારનું સંચાલન કરવામાં આવ્યું હતું તથા શ્રી નિખિલ મદ્રાસીએ વેબીનારમાં પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ કમિટીના ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલાએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.